પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-10-2025** **Evening : 7.50 to 8.00 PM**

**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1) **બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે તમામ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકોએ પ્રચારને તેજ બનાવ્યો.**

2) **રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે ચાલુ તહેવારોની મોસમ દરમિયાન અત્યાર સુધીમાં અંદાજે દોઢ કરોડથી વધુ લોકોએ ટ્રેનમાં મુસાફરી કરી.**

3) **રાજસ્થાનના જેસલમેરમાં આર્મી કમાન્ડર્સ પરિષદ માં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અનેક મુખ્ય ડિજિટલ અને કલ્યાણકારી પહેલોનું ઉદ્ઘાટન કર્યું.**

4) **લોક આસ્થાનો મહાન તહેવાર છઠપૂજાનો આજથી પ્રારંભ થયો.**

5) **સિડનીમાં રમાયેલી ત્રીજી અને અંતિમ એક દિવસીય મેચ માં ભારતે ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## Bihar election campaign--

**બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ - NDA અને મહાગઠબંધન બંનેના સ્ટાર પ્રચારકોએ તેમના પ્રચારને તેજ બનાવ્યો છે.**

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખગરિયામાં ચૂંટણી રેલીને સંબોધિત કરી. તેઓ મુંગેર અને નાલંદા જિલ્લામાં પણ રેલીઓ કરવાના છે. આ દરમિયાન , રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી પ્રસાદ યાદવની ખગરિયામાં જાહેર સભા મુલતવી રાખવામાં આવી છે. પટણામાં પત્રકારો સાથે વાત કરતા, શ્રી યાદવે ભારતીય જનતા પાર્ટી પર નકારાત્મક રાજકારણમાં સામેલ થવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે NDA સરકાર રોજગાર , ઔદ્યોગિક વિકાસ અને સ્થળાંતર જેવા મુદ્દાઓનો નિકાલ લાવવામાં નિષ્ફળ ગઈ છે. જન સૂરજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે આરોપ લગાવ્યો કે NDA અને મહાગઠબંધન બંને લોકોની આકાંક્ષાઓ પૂરી કરવામાં નિષ્ફળ ગયા છે.

## Election Commission

ચૂંટણી પંચે રાજકીય પક્ષો , ઉમેદવારો અને પ્રચાર પ્રતિનિધિઓને ચૂંટણી દરમિયાન કૃત્રિમ બુદ્ધિ મત્તા AI-જનરેટેડ સામગ્રીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી છે. એક અહેવાલ..

(વોઇસકાસ્ટ-ફરહાથ, બિહાર)

ચૂંટણીપંચે આવી કોઇપણ સામગ્રીને 3 કલાકની અંદર દૂર કરવાનો આદેશ આપ્યો છે. રાજકીયપક્ષોએ એઆઇ દ્વારા જનરેટ કરેલી બધી પ્રચાર સામગ્રીના આંતરિક રેકોર્ડ પણ જાળવવા પડશે.

## Ashwini Rail

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ચાલુ તહેવારોની મોસમ દરમિયાન અત્યાર સુધીમાં અંદાજે દોઢ કરોડથી વધુ લોકોએ ટ્રેનમાં મુસાફરી કરી છે. તેમણે

ઉમેર્યું હતું કે આ મોસમના અંત સુધીમાં અઢી કરોડથી વધુ લોકો ટ્રેનમાં મુસાફરી કરે તેવી અપેક્ષા છે.

શ્રી વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે 30 રેલ્વે સ્ટેશનો પર મોટી ભીડ વ્યવસ્થાપન વિસ્તારો નક્કી કરવામાં આવ્યા છે.

પૂર્વ રેલ્વે મંત્રી લાલુ પ્રસાદ યાદવના કાર્યકાળ દરમિયાન, દિવાળી અને છઠ તહેવારો માટે 178 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી હતી, જે હવે વધીને 13 હજાર થી વધુ થઈ ગઈ છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે રેલ્વેમાં સલામતીના પગલાંમાં સુધારો કરવામાં આવ્યો છે, અને ટ્રેન અકસ્માતોની સંખ્યા 2014 માં 170 થી વધુ હતી તે ઘટીને 2024-25 માં ફક્ત 31 થઈ ગઈ છે. તેમણે કહ્યું કે રેલ્વે લાઇનોનું નિર્માણ દર વર્ષે 400 થી 600 કિલોમીટરથી વધીને 4 હજાર કિલોમીટરથી વધુ થઈ ગયું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેમના મંત્રાલયનો ઉદ્દેશ્ય અકસ્માતોની સંખ્યા ઘટાડવાનો અને મુસાફરીને વધુ સુરક્ષિત બનાવવાનો છે.

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 127મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

## Delhi - AIIMS Nadda

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું કે ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ-AIIMS એ મેડિકલ સાયન્સ, તાલીમ અને આરોગ્યસંભાળ ક્ષેત્રે દેશભરના લોકોને ઉત્તમ સેવા પૂરી પાડી છે. AIIMS દિલ્હીના 50મા દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે દેશમાં અંડરગ્રેજ્યુએટ મેડિકલ બેઠકો હવે 51 હજાર થી વધીને 1 લાખ 29 હજાર થઈ છે. અનુસ્નાતક મેડિકલ બેઠકોની સંખ્યા પણ 78 હજાર થઈ ગઈ છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

(વોઇસકાસ્ટ-કરણ)

આ પ્રસંગે, કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે દેશમાં હવે 819 મેડિકલ કોલેજો છે. તેમણે ઉમેર્યું હતું કે AI-સંચાલિત ડાયગ્નોસ્ટિક્સ અને રોબોટિક સર્જરીમાં તાલીમ આપવામાં પણ AIMS એ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. શ્રી નડ્ડાએ નોંધ્યું હતું કે દેશમાં પહેલીવાર, AIMS એ ડબલ કિડની ટ્રાન્સપ્લાન્ટ અને રેનલ ઓટોટ્રાન્સપ્લાન્ટ જેવી પ્રક્રિયાઓ સફળતાપૂર્વક કરી છે.

સમારંભ દરમિયાન, 326 સ્નાતકોને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી , આ ઉપરાંત, સાત ડોકટરોને એમ્સમાં તેમના અનુકરણીય યોગદાન અને સમર્પિત સેવા બદલ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રાદેશિક સમાચાર માટે દ્રષ્ટિ પુણ્યાની સાથે કરણ પરમાર આકાશવાણી સમાચાર, અમદાવાદ.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## Rajnath-Commander Conference

રાજસ્થાનના જેસલમેરમાં આર્મી કમાન્ડર્સ પરિષદમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે અનેક મુખ્ય ડિજિટલ અને કલ્યાણકારી પહેલોનું ઉદ્ઘાટન કર્યું. આમાં કોણાર્ક અને ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સ માટે એજ ડેટા સેન્ટર્સનો સમાવેશ થાય છે. આ કેન્દ્રો ઝડપી , સુરક્ષિત અને ઝડપી ડેટા પ્રોસેસિંગને સક્ષમ બનાવવા માટે રચાયેલ છે.

સંરક્ષણ મંત્રીએ આધુનિક ઉપકરણો, હેલ્પલાઇન પોર્ટલ પણ લોન્ચ કર્યું , જે સેનાને કૃત્રિમબુદ્ધિમત્તા4 AI-સક્ષમ જાળવણી સપોર્ટ અને રીઅલ-ટાઇમ તકનીકી સહાય પૂરી પાડશે. આ પ્રસંગે, ARMAN પ્લેટફોર્મ દ્વારા 1 હજાર 200 થી વધુ ટ્રેનોમાં ડિફેન્સ ડ્યુટી ક્વોટા સીટોના સંચાલનને ડિજિટાઇઝ કરવા માટે રચાયેલ સૈનિક યાત્રી મિત્ર એપનું પણ અનાવરણ કરવામાં આવ્યું.

## GST Leather

22 સપ્ટેમ્બરથી GST બચત મહોત્સવ શરૂ થયો હતો , નરેન્દ્ર મોદી સરકારે અનેક ક્ષેત્રોમાં GST દરો ઘટાડ્યા હતા , જેનાથી દેશભરના નાગરિકોને ફાયદો થયો હતો. આજે, ફૂટવેર ક્ષેત્રમાં નાગરિકોને કેવી રીતે મદદ કરી રહ્યા છે તેનો અહેવાલ સાંભળીએ,

[વોઇસકાસ્ટ-અજય ઇન્ગ્રે ક્રૂર

આગામી પેઢીના GST સુધારાઓએ ચામડા અને ફૂટવેર ક્ષેત્રને નોંધપાત્ર રાહત આપી છે. આ સુધારાઓનો ઉદ્દેશ્ય યુવા ઉત્પાદકો પરનો બોજ ઘટાડવાનો , ઉત્પાદન ખર્ચને અસરકારક બનાવવાનો અને ગ્રાહકો માટે ગુણવત્તાયુક્ત ફૂટવેર વધુ પોસાય તે સુનિશ્ચિત કરવાનો છે. નવા કર માળખા હેઠળ , ચામડાના રેસામાંથી બનેલા

કમ્પોઝિશન લેધર અને ટેનિંગ અથવા ક્રસ્ટિંગ પછી તૈયાર થયેલા ચામડા પર GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. જેનાથી ઉત્પાદકો માટે ઇનપુટ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને દેશમાં વધુ સારા ઉત્પાદનને પ્રોત્સાહન મળ્યું છે. પ્રતિ જોડી અઢી હજાર સુધીના ફૂટવેર પર હવે 12% ને બદલે માત્ર 5% GST લાગે છે, જે યુવા અને મધ્યમ આવક ધરાવતા ગ્રાહકો માટે ટકાઉ ફૂટવેરને વધુ સુલભ બનાવે છે. તેવી જ રીતે , ચામડા અને ચામડા સંબંધિત જોબવર્ક પરનો GST 12% થી ઘટાડીને 5% કરવામાં આવ્યો છે, જેનાથી MSME ને ઉત્પાદન ખર્ચ ઘટાડવામાં અને વધુ સ્પર્ધાત્મક રીતે કાર્ય કરવામાં મદદ મળી છે. અજય ઇન્રેકર આકાશવાણી સમાચાર, અમદાવાદ

## Chhath Puja

લોક આસ્થાનો મહાન તહેવાર છઠનો આજે નહાય-ખાય સાથે પ્રારંભ થયો. આ ચાર દિવસીય તહેવાર સૂર્ય દેવને સમર્પિત છે. પ્રકૃતિ અને સ્વચ્છતાની પૂજાનું પ્રતીક, તે દેશ અને દુનિયાભરમાં ધાર્મિક ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

તહેવારના બીજા દિવસે ખરણા ઉજવવામાં આવે છે. ખરણા પ્રસાદ ગ્રહણ કર્યા પછી, ભક્તો પાણી વિના 36 કલાકનો ઉપવાસ શરૂ કરે છે. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહે છઠ નિમિત્તે ભક્તોને શુભેચ્છા પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ ઉપવાસ રાખનારા તમામ ભક્તોની ભક્તિને શ્રદ્ધાંજલિ આપી. ગૃહ પ્રધાન અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં , છઠી મૈયાને બધાના સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.

છઠ પૂજા દરમિયાન , રેલ્વેએ દેશભરમાં સરળ અને સલામત મુસાફરી માટે વ્યાપક વ્યવસ્થા કરી છે.

## Cricket - India-Australia

સિડનીમાં રમાયેલી ત્રીજી અને અંતિમ એક દિવસીય મેચ માં ભારતે ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું. રોહિત શર્માને અણનમ ૧૨૧ રન બનાવવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. શ્રેણીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેને પ્લેયર ઓફ ધ સિરીઝ પણ જાહેર કરવામાં આવ્યો. અગાઉ , ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને ભારતને ૨૩૭ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.
જોકે, ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની શ્રેણી ૨-૧થી જીતી લીધી. ભારત હવે ૨૯ ઓક્ટોબરથી શરૂ થતી પાંચ મેચની ટી-૨૦ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા સામે રમશે.

## Satish Shah - Death

પ્રખ્યાત અભિનેતા સતીશ શાહનું આજે 74 વર્ષની વયે અવસાન થયું છે. સતીશ શાહ કિડનીની સમસ્યાથી પીડાતા હતા. તેમને હિન્દુજા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા , જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે કરવામાં આવશે.

1983 ની ફિલ્મ "જાને ભી દો યારો" માં તેમના પ્રતિષ્ઠિત અભિનયથી તેમણે લોકપ્રિય ચાહકો મેળવ્યા. તેમણે શક્તિ , હમ આપકે હૈ કૌન , હમ સાથ સાથ હૈ , મૈં હૂં ના, જેવી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. ટેલિવિઝન પર , સારાભાઈ વર્સિસ સારાભાઈમાં ઇન્દ્રવદન સારાભાઈ તરીકે શ્રી શાહની ભૂમિકા ભારતીય ટેલિવિઝન પર સૌથી પ્રતિષ્ઠિત કોમિક પ્રદર્શનમાંની એક માનવામાં આવે છે.

તેમના નિધનથી ભારતીય સિનેમા અને ટેલિવિઝનને એક મોટી ખોટ પડી છે.